Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# Gujarat
# HC Peon

## Previous Year Paper

### Paper-II

### 09 July, 2023

Teachingninja.in

# High Court of Gujarat

[No.RC(I/LC)/1434/2022(Peon)]

## Sola, Ahmedabad

**Provisional Answer Key for Written Test (Objective Type - MCQs) conducted on 09-07-2023 for Direct Recruitment to the Post of Peon etc. on the establishment of the Industrial and Labour Courts in the State of Gujarat. [PAPER-II]**

| Sr. No. | Answer | Sr. No. | Answer | Sr. No. | Answer | Sr. No. | Answer |
|---|---|---|---|---|---|---|---|
| 1 | C | 26 | A | 51 | C | 76 | D |
| 2 | B | 27 | B | 52 | D | 77 | A |
| 3 | B | 28 | B | 53 | A | 78 | A |
| 4 | C | 29 | A | 54 | D | 79 | B |
| 5 | A | 30 | B | 55 | A | 80 | A |
| 6 | A | 31 | A | 56 | C | 81 | B |
| 7 | D | 32 | D | 57 | D | 82 | A |
| 8 | D | 33 | D | 58 | D | 83 | B |
| 9 | A | 34 | D | 59 | C | 84 | A |
| 10 | C | 35 | C | 60 | D | 85 | C |
| 11 | A | 36 | D | 61 | A | 86 | C |
| 12 | C | 37 | B | 62 | B | 87 | C |
| 13 | D | 38 | B | 63 | C | 88 | C |
| 14 | C | 39 | B | 64 | B | 89 | C |
| 15 | A | 40 | C | 65 | A | 90 | C |
| 16 | A | 41 | D | 66 | A | 91 | C |
| 17 | A | 42 | A | 67 | A | 92 | B |
| 18 | D | 43 | B | 68 | A | 93 | A |
| 19 | D | 44 | B | 69 | A | 94 | B |
| 20 | B | 45 | A | 70 | B | 95 | D |
| 21 | A | 46 | B | 71 | A | 96 | A |
| 22 | C | 47 | A | 72 | D | 97 | B |
| 23 | A | 48 | D | 73 | C | 98 | C |
| 24 | C | 49 | C | 74 | A | 99 | B |
| 25 | D | 50 | A | 75 | C | 100 | C |

**Note:**

| | |
|---|---|
| 1 | Candidate may raise Objection(s) Online w.e.f. 10/07/2023 12:00 noon onwards by visiting the "Answer Key" option under "Downloads" menu on HC-OJAS website only. |
| 2 | Last date for submitting Online Objection(s) is 11/07/2023 upto 05:00 p.m. |
| 3 | If the High Court Does not receive any Online Objection(s), it would be open for the High Court to treat the Provisional Answer Key as the Final Answer Key. |

**High Court of Gujarat,**
**Sola, Ahmedabad.**
**Date:09/07/2023**

Sd/-

**Registrar (Recruitment)**

Teachingninja.in

**QUESTION BOOKLET**
**પ્રશ્નપુસ્તિકા**

**Question Booklet No.**
**પ્રશ્નપુસ્તિકા નંબર**

# PAPER-II

**Time : 1½ Hours / સમય : 1½ કલાક**

**Maximum Marks / અધિકતમ ગુણ : 100**

## INSTRUCTIONS / સૂચનાઓ

**Please fill all your entries like Roll No., Question Booklet No., Confirmation No. and Exam Centre Code etc. very carefully on the OMR Answer Sheet, using Black/Blue ball point pen. Filling wrong entry of Question Booklet No. in OMR Answer Sheet will cause wrong examination result and candidate himself/herself will be responsible for the same.**

કૃપા કરીને તમારી બધી એન્ટ્રીઓ જેમ કે રોલ નંબર, પ્રશ્નપુસ્તિકા નંબર, પુષ્ટિકરણ નંબર અને પરીક્ષા કેન્દ્રનો કોડ વગેરે ખૂબ જ કાળજીપૂર્વક **OMR** ઉત્તર પત્રક પર, કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેનનો ઉપયોગ કરીને ભરો. **OMR** ઉત્તર પત્રકમાં પ્રશ્નપુસ્તિકા નંબરની ખોટી એન્ટ્રી ભરવાથી પરીક્ષાનું પરિણામ ખોટું આવશે અને તેના માટે ઉમેદવાર પોતે જ જવાબદાર રહેશે.

1. At the start of the examination check your Question Booklet and OMR Answer Sheet and ensure that all the questions from S.No. **1** to last S.No. **100** are printed and all the pages are present in the Question Booklet. In case of any discrepancy, the candidate should replace the Question Booklet and OMR Answer Sheet from the invigilator. No objection in this regard will be entertained after five minutes of start of examination.
   પરીક્ષાની શરૂઆતમાં તમારી પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તર પત્રક તપાસો અને ખાતરી કરો કે તમામ પ્રશ્નો ક્રમ નં. **1**થી છેલ્લા ક્રમ નં. **100** સુધી છાપેલા છે અને તમામ પાનાઓ પ્રશ્નપુસ્તિકામાં હાજર છે. કોઈપણ વિસંગતતાના કિસ્સામાં, ઉમેદવારે નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તર પત્રક બદલી લેવું. પરીક્ષા શરૂ થયાની પાંચ મિનિટ પછી આ અંગે કોઈ પણ વાંધો સ્વીકારવામાં આવશે નહીં.

2. Answer **all** questions. **All** questions carry equal marks.
   **બધા** પ્રશ્નોના જવાબ આપવા. **બધા** પ્રશ્નો સમાન ગુણ ધરાવે છે.

3. Only one answer is to be given for each question. Overwriting and marking multiple answers will be considered as wrong answers and **0.33 mark will be deducted for each such answer**. Leaving a question unanswered will get zero mark.
   દરેક પ્રશ્ન માટે માત્ર એક જ જવાબ આપવાનો છે. ઓવરરાઈટીંગ અને બહુવિધ જવાબોનું નામાંકન ખોટા જવાબો તરીકે ગણવામાં આવશે અને **આવા દરેક જવાબ માટે 0.33 ગુણ કાપવામાં આવશે**. પ્રશ્ન અનુત્તર છોડવાથી શૂન્ય ગુણ મળશે.

4. Each question has four alternative responses marked serially as (A), (B), (C), (D). You have to darken only one circle or bubble indicating the correct answer on the OMR Answer Sheet using **BLACK/BLUE BALL POINT PEN**.
   દરેક પ્રશ્નના ચાર વૈકલ્પિક જવાબો છે જે ક્રમશઃ (A), (B), (C), (D) તરીકે ચિહ્નિત થયેલ છે. તમારે **કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન**નો ઉપયોગ કરીને OMR ઉત્તર પત્રક પર સાચો જવાબ દર્શાવતું માત્ર એક વર્તુળ ડાર્ક કરવાનું છે.

5. Use of Calculator, Mobile Phone/Bluetooth devices or any other electronic gadget in the examination hall is strictly prohibited. If any such prohibited material found with any candidate, strict action will be taken against him/her as per rules.
   પરીક્ષાખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઈલ ફોન/બ્લુટુથ ઉપકરણો અથવા અન્ય કોઈપણ ઈલેક્ટ્રોનિક સાધનનો ઉપયોગ સખત રીતે પ્રતિબંધિત છે. જો કોઈપણ ઉમેદવાર પાસે આવી પ્રતિબંધિત સામગ્રી મળી આવશે તો તેની/તેણીની સામે નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.

6. Before leaving the Examination Hall candidate must hand over both the copies of OMR Answer Sheet to the invigilator without separating them, otherwise candidate will be liable for appropriate penal/legal action. Invigilator will hand over the candidate's copy of OMR Answer Sheet to the candidate after separating it.
   પરીક્ષાખંડ છોડતા પહેલા ઉમેદવારે OMR ઉત્તર પત્રકની બંને નકલો અલગ કર્યા વિના નિરીક્ષકને સોંપવી, અન્યથા ઉમેદવાર યોગ્ય દંડ/કાનૂની કાર્યવાહી માટે જવાબદાર રહેશે. નિરીક્ષક ઉમેદવારની OMR ઉત્તર પત્રકની નકલ અલગ કર્યા પછી ઉમેદવારને આપશે.

7. After the exam is over, the candidates can take their candidate copy of OMR Answer Sheet and their used Question Booklet along with them.
   પરીક્ષા પૂરી થયા પછી, ઉમેદવારો તેમની OMR ઉત્તર પત્રકની ઉમેદવારની નકલ અને તેમની વપરાયેલી પ્રશ્નપુસ્તિકા તેમની સાથે લઈ જઈ શકે છે.

**Do not open this Question Booklet until you are asked to do so.**
**જ્યાં સુધી તમને કહેવામાં ન આવે ત્યાં સુધી આ પ્રશ્નપુસ્તિકા ખોલશો નહીં.**



Teachingninja.in

1. નિરાધાર શબ્દની સંધિ નીચેનામાંથી કઈ સાચી છે ?

(A) નિસ + અધાર (B) નિર + આધાર

(C) નિઃ + આધાર (D) નિર + ધાર

2. નીચેના શબ્દસમૂહ માટે યોગ્ય શબ્દ કયો છે ?
આકાશ અને પૃથ્વી જ્યાં મળતા દેખાય છે તે રેખા

(A) કટિબંધ (B) ક્ષિતિજ

(C) રેખાચિત્ર (D) રેખાખંડ

3. વિદ્વાનનું સ્ત્રીલિંગ નીચેનામાંથી શું થાય ?

(A) વીદ્યાની (B) વિદુષી

(C) ભણેલી-ગણેલી (D) લેખિકા

4. નીચે આપેલા સમાનાર્થી પૈકી કયો વિકલ્પ સાચો નથી ?

(A) સદાવ્રત – અન્નક્ષેત્ર (B) ભાલ – કપાળ

(C) અભિશાપ – દુઆ (D) મનીષા – ઈચ્છા

5. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) ઓચ્છવ – ઉજાણી (B) હેંડો – ચાલો

(C) વાંઢો – કુંવારો (D) ગારો – માટી

6. "રક્ષક જ ભક્ષક બને" એ કહેવતની સમજ નીચેનામાંથી કયા દૃષ્ટાંતમાં દેખાતી નથી ?

(A) જો રાજા પ્રજાને લૂંટવા માંડે તો (B) જો વાડ ચીભડાં ગળી જાય તો

(C) જો ખળું અન્ન ખાઈ જાય તો (D) જો જળ જ કાગળને પી જાય તો

7. બીજાનું દુઃખ જોઈને દિલમાં થતી લાગણી

(A) ખિન્નતા (B) શોકમગ્ન

(C) ખેદ (D) દિલસોજી હમદર્દી

8. "ગોથા ખાવા" રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.

(A) ભૂલ કરી બેસવી કે છેતરાવું (B) આઘાપાછા થવું

(C) આમ તેમ ભટક્યા કરવું (D) સૂઝ ન પડવી

9. "પાણી પહેલા પાળ બાંધવી" કહેવતનો અર્થ સમજાવો.

(A) દીર્ઘદ્રષ્ટિ વાપરવી (B) બંધ બાંધવો

(C) ડૂબતા માણસે તણખલું પકડવું (D) ભવિષ્યવાણી કરવી

10. "ગઈ ગુજરી વિસરી જવી" રૂઢિપ્રયોગનો અર્થ નીચેનામાંથી કયો થાય ?

(A) મરી જવું (B) ઈચ્છા પ્રમાણે કરવું

(C) વીતેલી વાતો ભૂલી જવી (D) અતીતને યાદ કરવું



Teachingninja.in

11. "દૂધનું દૂધ અને પાણીનું પાણી" એ કહેવતનો અર્થ છે.

(A) નિષ્પક્ષ ન્યાય કરવો (B) નિયમ અનુસાર કામ કરવું

(C) ઈમાનદારીથી કામ કરવું (D) દૂધ અને પાણી જુદું પાડવું

12. નીચેનામાંથી કયુ વિરોધી જોડકું સાચું નથી ?

(A) જ્ઞાન – અજ્ઞાન (B) આદર – અનાદર

(C) મન – અપયશ (D) રાજા – રંક

13. "સ્વાગત" શબ્દનો સંધિ- વિચ્છેદ નીચેનામાંથી કયો સાચો છે ?

(A) સ્વા + આગત (B) સ + આગત

(C) સ્વાગ + અત (D) સુ + આગત

14. નીચેનામાંથી કયા વિકલ્પની જોડણી સાચી છે ?

(A) સહાનુભુતિ (B) સહાનૂભૂતિ

(C) સહાનુભૂતિ (D) સહાનૂભુતિ

15. "ડાબા હાથનો ખેલ હોવો" રૂઢિપ્રયોગનો અર્થવાળો રૂઢિપ્રયોગ નીચેનામાંથી કયો છે ?

(A) લોઢાના ચણા ચાવવા (B) મન મોકળું કરવું

(C) બડાઈ મારવી (D) ધાડ મારવી

16. નીચેના શબ્દોમાંથી કયો શબ્દ અન્ય શબ્દોથી અલગ પડે છે ?

(A) ઉદ્યમ (B) અધમ (C) નીચ (D) હલકો

17. નીચે આપેલા શબ્દ જોડકામાંથી કયું જોડકું સમાનાર્થી છે ?

(A) વિસ્મય – આશ્ચર્ય (B) દુર્ધર્ષ – દુષ્ટ

(C) ગોષ્ઠિ – પ્રણાલી (D) પદ્મ – પવિત્ર

18. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) ખલેલ – હરકત (B) સોંસરવું – આરપાર

(C) દોથો – ખોબો (D) વાવડ – પવન

19. "લિયે લાલો અને ભરે હરદા" કહેવતનો સાચો અર્થ લખો.

(A) ખાડો ખોદે તે પડે

(B) એક ભૂખ્યો બીજા ભૂખ્યાને શું ખવડાવે ?

(C) સરકાર પૈસા વાપરે અને પ્રજા વેરો ભરે

(D) એક વ્યક્તિ ન કરવાનાં કામ કરે અને અન્ય નિર્દોષને એની સજા ભોગવવી પડે

20. રૂઢિપ્રયોગ "માથે ઝાડ ઉગવાં"નો અર્થ શું છે ?

(A) ખૂબ સમૃદ્ધ હોવું (B) બહુ દુઃખ પડવા

(C) લાંબો વખત ન ટકે એવી વસ્તુ (D) ફળદ્રુપ જમીન



Teachingninja.in

21. આમાં "અનુગામી"નો વિરોધાર્થી કોણ છે ?
(A) પુરોગામી (B) હંગામી
(C) અધોગામી (D) ઉર્ધ્વગામી

22. ગુજરાતનું કયુ શહેર પૂર્વના દેશોનું માન્ચેસ્ટર તરીકે ઓળખાતું હતું ?
(A) સુરત (B) રાજકોટ (C) અમદાવાદ (D) ભરૂચ

23. અમદાવાદને ફરતા નવા રિંગરોડનું નામ છે
(A) એસ.પી. રોડ (B) એસ.જી. રોડ
(C) સી.જી. રોડ (D) એસ.એમ. રોડ

24. મહાત્મા મંદિર ક્યાં આવેલ છે ?
(A) વડોદરા (B) પોરબંદર
(C) ગાંધીનગર (D) ભાવનગર

25. અજંતા-ઈલોરાની ગુફાઓ ક્યાં આવેલી છે ?
(A) મૈસુર (B) હૈદરાબાદ
(C) અલ્હાબાદ (D) ઔરંગાબાદ

26. વિશ્વનો સૌથી મોટો કાવ્યગ્રંથ કયો છે ?
(A) મહાભારત (B) રામાયણ
(C) ભગવતગીતા (D) સુંદરકાંડ

27. બૌદ્ધ ધર્મના સ્થાપક મહાત્મા બુદ્ધનું બાળપણનું નામ શું હતું ?
(A) રાહુલ (B) સિદ્ધાર્થ
(C) દેવદત્ત (D) શુદ્ધોધન

28. પાલકની ભાજીમાં નીચેનામાંથી કયું તત્વ સૌથી વધારે હોય છે ?
(A) વિટામિન (B) લોહ
(C) ચરબી (D) કાર્બોહાઈડ્રેટ

29. "નિશાન ચૂક માફ નહિ માફ નીચું નિશાન" આ વિધાન કોનું છે ?
(A) બળવંતરાય ઠાકોર (B) સ્વામી વિવેકાનંદ
(C) સ્વામી દયાનંદ સરસ્વતી (D) સરદાર વલ્લભભાઈ પટેલ

30. જ્ઞાનપીઠ પુરસ્કાર કયા ક્ષેત્રના યોગદાન માટે આપવામાં આવે છે ?
(A) સંગીત (B) સાહિત્ય
(C) રાજકારણ (D) રમતગમત

31. કોમ્પ્યુટરમાં ડેટા કઈ ડિવાઈસમાં સ્ટોર થાય છે ?
(A) હાર્ડડિસ્ક (B) માઉસ (C) કી-બોર્ડ (D) મોનીટર


Teachingninja.in

**32.** પારસીઓ સૌપ્રથમ ક્યા બંદરે ઉતર્યા હતા ?

(A) ઉદવાડા (B) ગોવા

(C) સુરત (D) સંજાણ

**33.** રાજ્યના બંધારણીય વડા કોણ છે ?

(A) મુખ્યમંત્રી (B) ઉચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ

(C) રાષ્ટ્રપતિ (D) રાજ્યપાલ

**34.** સીપુ ડેમ ક્યાં આવેલો છે ?

(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ

(C) મહારાષ્ટ્ર (D) ગુજરાત

**35.** એક રૂપિયાની નોટ પર કોની સહી છે ?

(A) રિઝર્વ બેંકના ગવર્નરની (B) વડાપ્રધાનની

(C) નાણાં સચિવની (D) નાણાંપ્રધાનની

**36.** "નોકરીમાં દર વર્ષે પગારમાં થતો વધારો" શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) પ્રમોશન (B) ઉત્તેજન

(C) બોનસ (D) ઈજાફો

**37.** એક સાથે પાણી પીતા નવ સિંહોની ખુબ લોકપ્રિય બનેલ તસ્વીર કોને પાડેલ ?

(A) બચુભાઈ રાવત (B) સુલેમાન પટેલ

(C) કરસનદાસ મુળજી (D) નાનાભાઈ ભટ્ટ

**38.** કયો તહેવાર પૂનમના દિવસે ઉજવાતો નથી ?

(A) રક્ષાબંધન (B) જન્માષ્ટમી

(C) બુદ્ધજયંતી (D) હોલિકાદહન

**39.** ગુજરાતનું રાજ્ય પક્ષી કયુ છે ?

(A) મોર (B) સુરખાબ

(C) હંસ (D) બાજપક્ષી

**40.** શ્રી રંગ અવધૂતનો આશ્રમ ક્યાં આવેલ છે ?

(A) કાયાવરોહણ (B) શુક્લ તીર્થ

(C) નારેશ્વર (D) ચાણોદ

**41.** લીલી પરિક્રમાનો મેળો ક્યાં ભરાય છે ?

(A) સાપુતારા (B) પાલિતાણા

(C) પાવાગઢ (D) જૂનાગઢ



Teachingninja.in

**42.** અમદાવાદમાંથી પસાર થતી નદી કઈ છે ?

(A) સાબરમતી (B) તાપી

(C) વિશ્વામિત્રી (D) મહી

**43.** ફિલ્મ 83માં કપિલ દેવનો રોલ કયા અભિનેતાએ કરેલ ?

(A) રણબીર કપૂર (B) રણવીરસિંહ

(C) આયુષ્માન ખુરાના (D) અક્ષયકુમાર

**44.** અનુસૂચિત જનજાતિ (ST) નો દરજ્જો

(A) હિન્દુઓ પૂરતો સીમિત છે

(B) ધર્મ સાથે કોઈ સંબંધ ધરાવતો નથી

(C) હિન્દુઓ અને ખ્રિસ્તીઓ પૂરતો સીમિત છે

(D) હિન્દુઓ અને મુસ્લિમો પૂરતો સીમિત છે

**45.** યોગ્ય જોડકું જોડો :

| | | | |
|---|---|---|---|
| a. | તાનારીરી | 1. | વડનગર |
| b. | રણોત્સવ | 2. | કચ્છ |
| c. | વસંતોત્સવ | 3. | ગાંધીનગર |
| d. | પતંગોત્સવ | 4. | અમદાવાદ |

(A) a-1, b-2, c-3, d-4 (B) a-2, b-3, c-4, d-1

(C) a-3, b-4, c-1, d-2 (D) a-4, b-3, c-2, d-1

**46.** વડનગરમાં ખોદકામ દરમિયાન મળી આવેલું કેપ્સ્યૂલ આકારનું પ્રાચીન સ્ટ્રક્ચર કયા ધર્મ સાથે સંબંધિત છે, તેમ મનાય છે ?

(A) જૈન (B) બૌદ્ધ

(C) હિન્દુ (D) આપેલ તમામ

**47.** 'કિમોથેરાપી' કયા રોગની સારવારમાં કરાય છે ?

(A) કેન્સર (B) એઈડ્ઝ

(C) હાર્ટ સર્જરી (D) ન્યૂમોનિયા

**48.** નીચેનામાંથી શ્રેણીમાં આગળ આવતી સંખ્યા શોધો :

4,7,11,18,29,47, ..........

(A) 80 (B) 63

(C) 72 (D) 76

**49.** એક સ્ટોરના 25 કામના દિવસોની સરેરાશ દૈનિક કમાણી ₹ 100 છે. આ પૈકી પ્રથમ 15 દિવસોની સરેરાશ દૈનિક કમાણી ₹ 80 છે. જ્યારે પછીના 10 દિવસોમાં એક તહેવારના દિવસ સિવાયની કુલ કમાણી ₹ 540 છે, તો તહેવારના દિવસની કમાણી નીચેની પૈકી કઈ થાય ?

(A) ₹ 1740 (B) ₹ 140

(C) ₹ 760 (D) એકપણ નહીં



Teachingninja.in

**50.** શૃંખલામાં ખૂટતો અંક શોધો :
59,51,43, ………., 27
(A) 35 (B) 32 (C) 37 (D) 28

**51.** રજની પોતાના ઘરથી ઉત્તર દિશામાં 2 કી.મી. ચાલ્યા પછી ડાબી બાજુ વળી જાય છે અને 6 કી.મી. ચાલે છે પછી છેલ્લે જમણી બાજુ વળી આગળ ચાલે છે. હવે તે કઈ દિશામાં ચાલી હશે ?
(A) પશ્ચિમ (B) પૂર્વ
(C) ઉત્તર (D) દક્ષિણ

**52.** એક માણસે ₹ 450માં એક જૂની સાઈકલ ખરીદી તેને ₹ 50 આપીને ઠીક કરાવે છે. જો તે ₹ 600માં વેચે તો તેને કેટલા ટકા નફો થશે ?
(A) 15% (B) 18% (C) 20% (D) 25%

**53.** 30 માણસોને એક મકાન ધોળતા 20 દિવસ લાગે છે. જો 10 માણસો ઓછા હોય તો તે મકાન ધોળતા કેટલા દિવસ લાગે ?
(A) 30 (B) 26 (C) 35 (D) 25

**54.** એક શાળામાં 26 ઓરડા છે. દરેક ઓરડામાં ચાર છોડ વાવેલા છે. જો દરેક છોડમાં બે કપ પાણી જોઈએ તો બધા જ છોડ માટે કેટલા કપ પાણી જોઈશે ?
(A) 32 (B) 106 (C) 112 (D) 208

**55.** એક ઘડિયાળ ₹ 60ની ખોટ ખાઈને ₹ 840માં વેચી. જો એ ₹ 1020માં વેચીએ તો કેટલો નફો થાય ?
(A) ₹ 120 (B) ₹ 100 (C) ₹ 90 (D) ₹ 75

**56.** શૃંખલામાં આગળનો અંક કયો હશે ?
3,5,9, 17, ………..
(A) 31 (B) 32 (C) 33 (D) 34

**57.** એક ગ્રામમાં કેટલા મિલીગ્રામ ?
(A) 900 (B) 10 (C) 100 (D) 1000

**58.** ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો કેટલો થાય છે ?
(A) 360 (B) 90
(C) 120 (D) 180

**59.** એક વ્યક્તિની વાર્ષિક આવક ₹ 1,80,000 છે. તેમાંથી 10% રકમ ચેરિટીમાં દાનમાં આપે છે તો તે વ્યક્તિ વર્ષે કેટલા રૂપિયા દાનમાં આપશે ?
(A) ₹ 20,000 (B) ₹ 15,000
(C) ₹ 18,000 (D) ₹ 10,000

**60.** ત્રણ ટેબલ અને છ ખુરસીઓની કિંમત ₹ 4800 છે. જો એક ખુરસીની કિંમત ₹ 300 હોય તો ટેબલની કિંમત કેટલી થાય ?
(A) ₹ 600 (B) ₹ 1200
(C) ₹ 650 (D) ₹ 1000



Teachingninja.in

**61.** $33 \times 19 - 100 =$

(A) 527 (B) 627 (C) 427 (D) 327

**62.** $3 + 18 + 20 - 10 =$

(A) 60 (B) 31 (C) 55 (D) 30

**63.** હાલનાં નામદાર સુપ્રિમ કોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ કોણ છે ?

(A) માનનીય ન્યાયાધીશ શ્રી ટી.એસ. ઠાકુર

(B) માનનીય ન્યાયાધીશ શ્રી દિપક મિશ્રા

(C) માનનીય ન્યાયાધીશ શ્રી ડી.વાય. ચંદ્રચુડ

(D) માનનીય ન્યાયાધીશ શ્રી એચ. એલ. દત્તુ

**64.** હાલમાં ભારત દેશના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ કોણ છે ?

(A) બિપિન રાવત (B) અનિલ ચવ્હાણ

(C) મનોજ પાંડે (D) વી. આર. ચૌધરી

**65.** હાલમાં લોકસભાના સ્પીકર કોણ છે ?

(A) ઓમ બિરલા (B) એમ. એ. આયંગર

(C) નીલમ સંજીવરેડ્ડી (D) મનોહર જોશી

**66.** ગુજરાતી હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડે વર્ણવેલ પાત્ર

(A) વનેચંદ (B) રમેશ મહેતા

(C) નરેશ કનોડીયા (D) અરવિંદ ત્રિવેદી

**67.** ગુજરાતની કોયલ તરીકે કઈ ગાયિકા પ્રસિધ્ધ છે ?

(A) દિવાળીબેન ભીલ (B) કિંજલ દવે

(C) ગીતા રબારી (D) ભૂમિ ત્રિવેદી

**68.** ગુજરાત રાજ્યના પોલીસ વડાને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) ડીજીપી (B) કેપ્ટન

(C) કર્નલ (D) એડમિરલ

**69.** IRDA કયા ક્ષેત્રનાં નિયંત્રક તરીકે કામ કરે છે ?

(A) વીમા ક્ષેત્ર (B) મ્યુચ્યુઅલ ફંડ

(C) રૂરલ ડેવલપમેન્ટ (D) બેંકિંગ સેક્ટર

**70.** રાંધણ ગેસ શેનું મિશ્રણ છે ?

(A) કાર્બન મોનોક્સાઈડ અને કાર્બન ડાયોક્સાઈડ

(B) બ્યુટેન અને પ્રોપેન

(C) મિથેન અને ઈથિલિન

(D) કાર્બન ડાયોક્સાઈડ અને ઓક્સિજન



Teachingninja.in

**71.** ……… એ નેટવર્ક સુરક્ષા પ્રણાલી છે કે જે પૂર્વ નિર્ધારિત સલામતી નિયમોને આધારે incoming અને outgoing નેટવર્ક ટ્રાફિકનાં નિયંત્રણની દેખરેખ રાખે છે.

(A) FireWall (B) Anti – Virus
(C) VPN (D) HTTPS

**72.** ભારત સરકારનાં કાનૂન અને ન્યાય મંત્રાલયે ઘર આંગણે ન્યાય આપવા કયુ અભિયાન લોન્ચ કર્યુ છે ?

(A) એક વિવાદ ડ્રાઈવ (B) એક નિર્માણ ડ્રાઈવ
(C) એક સત્ય ડ્રાઈવ (D) એક પહલ ડ્રાઈવ

**73.** ભારતીય સરહદની રક્ષા કરનાર પેરામીલીટરી ફોર્સ

(A) CRPF (B) CISF
(C) BSF (D) IPKF

**74.** ભારતની પહેલી બુલેટ ટ્રેઈન પ્રોજેક્ટ અમલમાં મૂકવા કઈ ભારતીય કંપનીની સ્થાપના કરવામાં આવેલી છે ?

(A) NHSRCL (B) HSRPL
(C) IPCL (D) UGVCL

**75.** સર્જીકલ સ્ટ્રાઈક આધારિત ફિલ્મનું નામ શું છે ?

(A) બોર્ડર (B) રેફ્યુજી
(C) ઉરી (D) એલ.ઓ.સી.

**76.** અમદાવાદનાં વતની એવા બોલીવુડનાં પ્રસિદ્ધ ગાયક કલાકાર

(A) કિશોર કુમાર (B) મહંમદ રફી
(C) શબ્બીર કુમાર (D) દર્શન રાવલ

**77.** ગુજરાતનાં હાલનાં એડવોકેટ જનરલ કોણ છે ?

(A) શ્રી કમલ ત્રિવેદી (B) શ્રી જે.એમ. ઠાકોર
(C) શ્રી સી.કે. દફતરી (D) શ્રી એસ.એમ. મોદી

**78.** ગુજરાતમાં વકીલાત માટે સનદ આપનાર સંસ્થાનું નામ

(A) બાર કાઉન્સીલ ઓફ ગુજરાત (B) અમદાવાદ બાર એસોસિએશન
(C) હાઈકોર્ટ બાર એસોસિએશન (D) રાજ્ય બાર એસોસિએશન

**79.** તાજેતરમાં ગુજરાતમાં વિનાશ નોતરનાર વાવાઝોડાનું નામ શું છે ?

(A) તાઉતે (B) બિપરજોય
(C) વેરોનિકા (D) વેનેશા

**80.** કબડ્ડીની રમતમાં એક ટુકડીમાં ખેલાડીઓની સંખ્યા કેટલી હોય છે ?

(A) 12 (B) 11
(C) 10 (D) 5



Teachingninja.in

81. હોકીની રમતમાં અમ્પાયરની સંખ્યા કેટલી હોય છે ?

(A) 3 (B) 2

(C) 4 (D) 5

82. ભાલા ફેંકમાં ભારત માટે પ્રથમ સુવર્ણ પદક મેળવનાર

(A) નીરજ ચોપડા (B) મિલ્ખા સિંહ

(C) સંદીપસિંહ (D) સચિન તેંડુલકર

83. આઈ .પી.એલ. કપ કઈ રમતમાં રમાય છે ?

(A) હોકી (B) ક્રિકેટ

(C) વોલીબોલ (D) હેન્ડબોલ

84. આઈ. પી. એલ. ટીમમાં ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન કોણ છે ?

(A) હાર્દિક પંડ્યા (B) કૃણાલ પંડ્યા

(C) જગદીશ પંડ્યા (D) ઈરફાન પઠાણ

85. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ કયુ છે ?

(A) બ્રિસ્બેન (B) લોર્ડઝ

(C) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ (D) ઈડન ગાર્ડન

86. ટેસ્ટ ક્રિકેટમાં કયો બોલર તેની કેરિયરમાં સૌથી વધુ વિકેટ ઝડપવાનો રેકોર્ડ ધરાવે છે ?

(A) શેન વોર્ન (B) અનિલ કુમ્બલે

(C) એમ. મુરલીધરન (D) જેમ્સ એન્ડરસન

87. ચેન્નઇ સુપર કિંગ્સ આઈ.પી.એલ.માં કેટલીવાર ચેમ્પિયન બનેલ છે ?

(A) 3 (B) 4

(C) 5 (D) 2

88. કયા ફાસ્ટ બોલરને “વ્હીસ્પરિંગ ડેથ”ના નામે ઓળખવામાં આવે છે ?

(A) મનિન્દરસિંગ (B) જોયેલ ગાર્નર

(C) માઈકલ હોલ્ડિંગ (D) લસિત મલિંગા

89. સ્ટેફી ગ્રાફ કઈ રમત સાથે સંકળાયેલ હતી ?

(A) ક્રિકેટ (B) ફૂટબોલ

(C) ટેનિસ (D) કબડ્ડી

90. રોજર ફેડરર કઈ રમત સાથે સંકળાયેલ હતો ?

(A) ક્રિકેટ (B) ફૂટબોલ

(C) ટેનિસ (D) કબડ્ડી



Teachingninja.in

91. કઈ ટીમે જૂન-23માં રમાયેલ આઈ.સી.સી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતેલ છે ?
(A) ઝિમ્બાવવે (B) ઇન્ડિયા
(C) ઑસ્ટ્રેલિયા (D) ઇંગ્લેન્ડ

92. જહાંગીરખાન કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(A) ક્રિકેટ (B) સ્કવોશ
(C) ફૂટબોલ (D) ગોલ્ફ

93. 2023માં રમાયેલ વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ કયા ખેલાડીએ જીતેલી ?
(A) ડિંગ લીરેન (B) વિશ્વનાથ આનંદ
(C) વિદિત ગુજરાથી (D) ગેરી કાશ્યપરોવ

94. આમાં કોણ જુદું પડે છે ?
(A) સેન્ટર ફોરવર્ડ (B) વિકેટ કીપર
(C) પેનલ્ટી (D) ગોલકીપર

95. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કયા શહેરમાં આવેલ છે ?
(A) દિલ્હી (B) મુંબઇ
(C) ચેન્નઈ (D) અમદાવાદ

96. ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ
(A) ભારત (B) અફઘાનિસ્તાન
(C) બાંગ્લાદેશ (D) શ્રીલંકા

97. ભારતની રાષ્ટ્રીય રમત કઈ છે ?
(A) ક્રિકેટ (B) હોકી
(C) ફૂટબોલ (D) કબડ્ડી

98. "વિમ્બલ્ડન કપ" કઇ રમત સાથે સંકળાયેલ છે ?
(A) ક્રિકેટ (B) બેડમિંટન
(C) ટેનિસ (D) ટેબલટેનિસ

99. ભારતે તેનો પ્રથમ ક્રિકેટ વર્લ્ડ કપ કયા વર્ષમાં જીતેલો ?
(A) 1988 (B) 1983
(C) 1984 (D) 1985

100. "મંદ" નો નજીકનો સમાનાર્થી કયો ?
(A) પોચું (B) સ્થિર
(C) ધીમું (D) ઢીલું



Teachingninja.in

કાચા કામ માટે જગ્યા



Teachingninja.in